# ગોરલમાં ખોરાકી ઝેરની અસરથી ૧૧ પશુના મોત

## પશુપાલકોએ ખાસ કરીને ઉનાળામાં પોતાના પશુધનને વધુ પડતું લીલુ ઘાસ ખવડાવવું જોઈએ નહિ

હિંમતનગર, તા.૨૯

સાબરકાંઠા જીલ્લાના ઈડર તાલુકાના ગોરલ ગામે રહેતા બે ખેડૂતના ૧૧ પશુઓના શનિવારે રાત્રે ખોરાકી ઝેરની અસરને કારણે મોત નિપજયા હતા. જેના કારણે એક જ પરિવારના બે ભાઈઓના કુંટુંબ પર આફતના ઓરા ઉતર્યા હતા.

આ અંગેની વિગત એવી છે કે અત્યારે ઉનાળાની ગરમી પડી રહી હોવાને કારણે માનવી અને પશુઓને પાણીની જરૂર ખૂબ જ રહેતી હોય છે. દરમિયાન ગોરલ ગામે રહેતા ઉમેશભાઈ બેચરભાઈ પટેલ તથા ભરતભાઈ બેચરભાઈ પટેલ ખેતી સાથે પશુપાલનનો વ્યવસાય કરતા હોવાથી તેઓએ પોતાના બોર-કૂવા પર તબેલો બનાવ્યો હતો. જયાં શનિવારે સાંજે ખેતરમાંથી લાવેલુ નાનુ અને લીલુ ઘાસ આ પશુઓને નિરણ તરીકે નાખવામાં આવ્યુ હતું. ત્યારબાદ બંને ભાઈઓ નિત્ય ક્રમ મુજબ ઘરે આવ્યા હતા.

દરમિયાન બોર-કૂવા પર પશુઓ રાખ્યા હોવાથી બંને ભાઈઓ રાત્રે ૯ વાગ્યે જોવા ગયા હતા. જયાં તબેલામાં એક વાછરડું મૃત્યુ પામ્યુ હોવાનું જણાતા તરત જ વેટરનરી ડોકટરને બોલાવવામાં આવ્યા હતા.

ત્યારબાદ આ બંને ભાઈઓએ તરત જ ઈડરથી વિઝીટ નોંધાવીને તાત્કાલિક અન્ય ડોકટરને બોલાવી પોતાના પશુઓની તપાસ કરવાની તજવીજ હાથ ધરી હતી. પરંતુ કમનસીબે લીલુ ઘાસ ખાવાને કારણે ફૂડ પોઈઝન થતાં બંને ભાઈની મળી ૬ ગાય, ૨ ભેંસો અને ૩ વાછરડાંના અકાળે મોત નિપજયા હતા. જેથી આ બંને ભાઈઓને અંદાજે રૂા.૫ લાખથી વધુનું નુકશાન વેઠવું પડયું છે.

ઉલ્લેખનીય છે કે પશુપાલકોએ ખાસ કરીને ઉનાળામાં પોતાના પશુધનને વધુ પડતું લીલુ ઘાસ ખવડાવવું જોઈએ નહિ, કારણકે જો વધુ પડતું લીલુ ઘાસ ખવડાવવામાં આવે તો તેના કારણે પશુઓને અપચો થઈ જાય છે તથા ખોરાકી ઝેર અને પેટમાં ગેસ થઈ જતા તેઓ બિમાર થઈ જાય છે. જે અંગે પશુપાલકોએ તકેદારી રાખવી જોઈએ.

# અરવલ્લી જિલ્લામાં ઠંડા પીણા અને જ્યુસમાં મિલાવટની ફરિયાદ



મોડાસા, તા. ૨૯

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેર સહિત અન્ય શહેરો અને ગ્રામ્ય વિસ્તારોમાં ઠેર ઠેર જ્યુસ સેન્ટરોની હાટડીઓ જોવા મળી રહી છે. તદઉપરાંત જિલ્લાના બજારોમાં હલકી કક્ષાની ઠંડા પીણાની બોટલો અને દૂધની બનાવટની ચીજવસ્તુઓનો ખુલ્લેઆમ વેપાર થઈ રહ્યો છે. અસહ્ય ગરમીથી છુટકારો મેળવવા જિલ્લાના પ્રજાજનો ઠંડા પીણા અને જ્યુસનો સહારો લેતા હોય છે પરંતુ આ ઠંડા પીણા દૂધની બનાવટો તેમજ જ્યુસ સેન્ટરમાં વપરાતો બરફ અને અન્ય ચીજવસ્તુઓ આરોગ્ય માટે કેટલો હાનિકારક છે તે અંગે અજાણ છે, ત્યારે અરવલ્લી જિલ્લા આરોગ્ય વિભાગ અને ફૂડ વિભાગ દ્વારા આંખ આડા કાન કરી દેતા જિલ્લાના પ્રજાજનો ભગવાન ભરોસે હોય તેવું દ્દશ્યમાન થાય છે.

અરવલ્લી જિલ્લામાં ઉનાળાના પ્રારંભથી જ કાળઝાળ ગરમીએ માઝા મુકતા જિલ્લાના પ્રજાજનો સૂર્યદેવના કોપાયમાનથી બચવા ઠંડા પીણા, ઠંડા પાણીની બોટલો, ઠંડા બરફના ગોલા, જ્યુસ સેન્ટરો પર મળતા વિવિધ જ્યુસ, લસ્સી, શિકેજી, તેમજ દૂધની બનાવટની ઠંડી ચીજવસ્તુઓનો ભરપૂર માત્રામાં ઉપયોગ કરી રહ્યા છે ત્યારે વેપારીઓ, જ્યુસ સેન્ટરના માલીકો અને દૂધની બનાવટની ચીજવસ્તુઓ વેચતા ફેરીયાઓ વધુ રૂપિયા કમાઈ લેવા નિમ્ન કક્ષાની ચીજવસ્તુઓ અને ભેળસેળવાળા પદાર્થોનો ઉપયોગ કરી જિલ્લાના પ્રજાજનોના આરોગ્ય સાથે ચેડા કરી રહ્યા છે. જિલ્લાના બજારોમાં ઠેર ઠેર જોવા મળતા જ્યુસ સેન્ટરો પર કેરીનો જ્યુસ અને રસ માટે હલકી કક્ષાની અને કાર્બોઈડથી પકવેલી કેરીઓનો તેમજ જ્યુસનો કલર જાળવવા કેમીકલ અને મીઠાશ માટે સેકરીન નામના પદાર્થનો જાહેરમાં ઉપયોગમાં લેતા હોવા છતાં જિલ્લાનું જવાબદાર તંત્ર આવા જ્યુસ સેન્ટરના માલીકો સામે કોઈ જ નક્કર કાર્યવાહિ ન કરતા જિલ્લાના પ્રજાજનોના આરોગ્ય સાથે ખુલ્લેઆમ ચેડા કરી રહ્યા છે. બિન આરોગ્યપ્રદ ઠંડા પીણા તેમજ જ્યુસ અને બરફનુ સેવન કરવાથી જિલ્લાના પ્રજાજનો પાણીજન્ય રોગો કમળો તેમજ પેટમાં દુખાવો અને ટાઈફોઈડ જેવી બિમારીઓમાં સપડાતા મોંઘી દાટ સારવાર લેવાની ફરજ પડી રહી છે.

# મોડાસા-ભિલોડા ખાતે કુપોષણમુક્ત ગુજરાત મહાઅભિયાનનો કાર્યક્રમ યોજાયો

મોડાસા, તા.૨૯

મુખ્યમંત્રીશ્રી દ્વારા આજ રોજ સવારે ૧૦.૦૦ ક્લાકે ડાંગ ખાતે બાલ




અમૃતમ્નું લોકાર્પણ તથા મિશન શક્તિનો શુભારંભ કરવામાં આવ્યો હતો. હાલમાં ૧૩ જિલ્લાના ૩૯ તાલુકાઓ બાલ અમૃતમ યોજનાનો શુભારંભ કરવામાં આવ્યો જેમાં અરવલ્લી જિલ્લાના મોડાસા શહેર તેમજ ભિલોડા ખાતેથી કુપોષણ મુક્ત ગુજરાતનો પ્રારંભ કરવામાં આવેલ હતો. ગુજરાતના માન.મુખ્યમંત્રી દ્વારા ભારતમાં અને વિશ્વભરમાં આર્થિક રીતે સૌથી વધુ પ્રગતિશીલ ગુજરાત રાજ્ય કુપોષણના મહા દાનવને નાથવા સદાય તત્પર અને સતત પ્રયત્નશીલ રહી, "કુપોષણ મુક્ત ગુજરાત મહાઅભિયાન નો ગત વર્ષે મા.મુખ્યમંત્રીના વરદ હસ્તે મે-૨૦૧૫ માં છોટા ઉદેપુરથી શુભારંભ કરવામાં આવેલ.અને આજ રોજ ડાંગ ખાતેથી કુપોષણ મુક્ત ગુજરાત બાલ અમ્રુતમ તેમજ મિશન મંગલમ્ યોજનાનો પ્રારંભ કરાવ્યો. આજ રોજ મોડાસા શહેર ખાતે અનુસુચિત આર્થિક વિકાસ નિગમના અધ્યક્ષ શ્રીરમેશભાઈ સોલંકીએ જણાવ્યું હતુ કે બાલ અમ્રુતમ એ ગુજરાત સરકાર દ્વારા અતિ ગંભીર કુપોષિત બાળકો માટે વિના મુલ્યે વિત્તરણ માટે તૈયાર કરેલ વિશેષ પોષક આહાર છે.બાલ અમ્રુતમ માંથી અતિ ગંભીર કુપોષિત બાળકોને જરૂરી માત્રામાં શક્તિ, પ્રોટીન, ચરબી, વિટામીન, લોહતત્વ, કેલ્શીયમ, આયોડીન અને અન્ય પોષક તત્વો મળી રહે છે. અતિ ગંભીર કુપોષિત બાળકોને તેઓના હાલના વજનના આધારે બાલ અમૃતમ્ દૈનિક ધોરણે આઠ અઠવાડીયા સુધી આપવામાં આવે છે.

કોઈપણ હોસ્પિટલમા અધતન સારવાર મળે તેવો નિર્ણય મુખ્યમંત્રીશ્રી દ્વારા કરવામાં આવેલ છે. આ યોજનાનો લાભ બીપીએલના પરિવારોને મળતો હતો.પરંતુ માન.મુખ્યમંત્રીએ આ યોજના એટલે કે "મા અમૃતમ્" યોજના દરેકના માટે અમલમાં મુકી છે. કોઈપણની આવક મર્યાદા ૧.૨૦,૦૦૦ થી નીચે હોય તેવાને આ મા અમૃતમ્ કાર્ડનો લાભ મળે છે.હાલમાં ૧૩૧ જેટલી યોજનાઓ મુખ્ય મંત્રીશ્રી દ્વારા અમલમાં મુકવામાં આવી છે.

માન.મુખ્યમંત્રીશ્રીએ નારી અદાલતો મહિલાઓ માટે અલગ-અલગ બનાવડાવી છે. અરવલ્લી જિલ્લામાં લગભગ ૭૧૦ જેટલા બાળકો કુપોષિત માલુમ પડ્યા હતા.તેની સારવાર કરવામાં આવી તો ૭૦૦ બાળકો કુપોષિતમાંથી નાબુદ થયા હતા. મિશન શક્તિ યોજના અંતર્ગત ગુજરાતમાં ૬ માસથી ૩૫ માસ સુધીના બાળકોમાં પાંડુરોગ(એનીમીઆ) નું પ્રમાણ ૮૦% જોવા મળેલ છે. જ્યારે સગર્ભા માતા અને તરૂણ/તરૂણીઓમાં પણ પાંડુરોગનું પ્રમાણ ૫૦% થી વધારે જોવા મળેલ છે. "મિશન શક્તિ" અંતર્ગત રાજ્યના તમામ બાળકો,તરૂણ/તરૂણીઓ, સગર્ભા અને ધાત્રી માતાઓ અને પ્રજનન વય જુથની મહિલાઓને આવરી લેવામાં આવશે. માન.અધ્યક્ષશ્રી દ્વારા બાળકોને અને લાભાથીઓને આર્યન ટેબલેટ આપવામાં આવી હતી.

# કપડવંજના વીજ નાયબ ઈજનેર લાંચ કેસમાં ઝડપાયા

નડિયાદ,તા.૨૯

ખેડા જિલ્લાના કપડવંજ શહેરના એક ગ્રાહક પાસેથી રુ.બે લાખની દંડની પતાવટ પેટે રુ.૫૦,૦૦૦ની લાંચની માંગણી કરનાર વીજ કંપનીના નાયબ ઈજનેરને અમદાવાદ એસીબી વિભાગે ઝડપી પાડીને તેઓની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર કપડવંજની શિવશક્તિ સોસાયટીમાં રહેતા શનાભાઈ પ્રભુદાસ પટેલનું સીમમાં એક ખેતર આવેલું છે. આ ખેતરમાં તેઓએ વીજજોડાણ મેળવેલું હતું પરંતુ તેઓએ ખેતરની ચોતરફ કમ્પાઉન્ડ વોલ પણ બનાવી હતી જેથી કપડવંજ વીજકંપનીના નાયબ ઈજનેર મહોબતસિંહ રાયસિંહ બારૈયાએ તમારા ખેતરમાં જે વીજજોડાણ છે તે કોમર્શિયલ પ્રકારનું છે તેમ કહીને તેઓએ રુ.બે લાખનો દંડ ફટકાર્યો હતો આ સંદર્ભે ખેડુત શનાભાઈ પ્રભુદાસ પટેલે દંડની પતાવટ પેટે નાયબ ઈજનેરનો સંપર્ક કરતાં તેઓએ રુ.૫૦,૦૦૦ની લાંચની માંગણી કરી હતી. આ લાંચની માંગણીના સંદર્ભે ખેડુત શનાભાઈએ અમદાવાદ એસીબીનો સંપર્ક કરતાં તેઓએ શનાભાઈની ફરિયાદ લઈને નાયબ ઈજનેર ઝડપી પાડવા માટે છટકું ગોઠવ્યું હતું. નાયબ ઈજનેરની સાથે ખેડુત શનાભાઈએ વાતચીત કરીને શનિવારના રોજ ટાઉન હોલ પાસે નાણાં લેવા માટે નાયબ ઈજનેર મહોબતસિંહ બારૈયાને બોલાવ્યા હતા. નાયબ ઈજનેરને આ છટકાની ગંધ આવી ગઈ હોય તેમ તેઓ વાયદાના સમય પ્રમાણે નાણાં લેવા માટે આવ્યા નહોતા. આમ છતાં પણ છટકાંના આયોજન મુજબ એસીબી દ્વારા મહોબતસિંહ બારૈયાને ટાઉનહોલ પાસેથી રુ.૫૦,૦૦૦ની લાંચની માંગણીના સંદર્ભે અટકાયત કરીને તેઓની સામે લાંચ માંગવાનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

# નડિયાદની પરિણીતા પાસે પાંચ લાખની માંગણી કરતાં સાસરીયા

## ત્રસ્ત પરિણીતાએ પતિ, સાસુ, સસરા અને નણંદ સામે ફરિયાદ નોંધાવી

નડિયાદ,તા.૨૯

ખેડા જિલ્લાના નડિયાદ શહેરની દિકરીને નડિયાદના જ એક પ્રોફેસર સાથે પરણાવી હતી. આ પરિણીતાને લગ્નજીવનના ત્રણ માસ બાદ પતિ સહિતના સાસરીયાઓએ ઘરના કામકાજ બાબતે દિકરીના જમવા બાબતે અને કરિયાવર બાબતે મ્હેણાંટોણાં મારીને પિયરમાંથી રુ.પાંચ લાખ ગાડી લાવવા માટેની માંગણી કરી હતી. જે માંગણી ન સંતોષાતા તેણીને શારીરિક અને માનસિક ત્રાસ આપી ઘરની બહાર પહેરેલે કપડે કાઢી મુકતા પરિણીતાએ આખરે મહિલા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર નડિયાદ શહેરના પીજરોડ ઉપરની ગીતાંજલી ચાર રસ્તા પાસેની પુજનપાર્ક સોસાયટીના બંગલા નં.૩૦માં રહેતા પીનાકીનભાઈ નટુભાઈ વાળા (રોહિત)ના લગ્ન લતાબેન સાથે થયા હતા. લગ્નજીવનના ત્રણ માસ બાદ ઘરના કામકાજ બાબતે સાસુ ગંગાબેન, સસરા નટુભાઈ અને નણંદ હિરલબેને વાંધાવચકા કાઢીને તું ગામડાની છે, તને ઘરનું કામકાજ કરતાં આવડતું નથી, તેં દિકરીને જન્મ આપ્યો છે જેના કારણે અમારા પ્રોફેસરનું નાક નીચુ થઈ ગયું છે તેમ કહી સાસુ, સસરા અને નણંદ શારીરિક અને માનસિક ત્રાસ આપતા હતા.

જ્યારે પતિ પિનાકીને અમારા મોભા પ્રમાણે લગ્નના સમયે તારા પિતાએ કોઈ કરિયાવર આપ્યું નથી તો તું રુ. પાંચ લાખ ગાડી લાવવા માટે તારા પિયરમાંથી લઈ આવ તેવી ફરજ પાડતા પરિણીતાએ પૈસા લાવવાની ના પાડતા પતિએ તથા ત્રણેય સાસરીયાઓએ તેણીને માર મારી પહેરેલે કપડે ઘરની બહાર કાઢી મુકી હતી જેથી ત્રસ્ત પરિણીતા લતાબેને મહિલા પોલીસ મથકે પતિ, સાસુ, સસરા અને નણંદ સામે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

# માધવગઢ પંથકમાં સુજલામ સુફલામ કેનાલ ખાલીખમ બનતા હજારો ખેડૂત પશુપાલકો પરેશાન

તલોદ, તા. ૨૯

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના માધવગઢ પંથકમાંથી પસાર થતી સુજલામ સુફલામની મહાકાય કેનાલ વર્તમાન કાળઝાળ ગરમીના સમયગાળામાં જ ખાલીખમ પડી છે. સિંચાઈના પુરવઠા માટે કરોડોના આંધણ થકી નિર્માણ પામેલી આ કેનાલમાં બીલકુલ પાણી નહીં હોઈ તે સાથે સંકળાયેલા ડઝન ગામોની હજારો હેક્ટર જમીન હાલ સિંચાઈના પાણી પુરવઠા માટે તરસી રહી છે. ઘાસચારાની ભારે અછત અને બોરકૂવાના પાણીના ઊંડા ઉતરી ગયેલ તળને કારણે હજારો ખેડૂતો અને પશુપાલકો માંગ કરી રહ્યા છે કે, તત્કાળ આ કેનાલમાં પાણી ભરી દેવા સરકારનું તંત્ર આળસ ખંખેરી નાંખે.



તલોદ તાલુકાના માધવગઢ પંથકમાંથી પસાર થતી સુજલામ સુફલામની આ કેનાલ ખાલીખમ હોવાથી નજીકના દિવસોમાં થનારી કપાસ વગેરેની વાવણી બાબતે પણ ખેડૂતો ચિંતીત છે. ગાસચારા અને પશુઓના પીવાના પાણી માટે આ ખાલીખમ કેનાલને કારણે ભારે આફત પેદા થઈ છે. વરસાદ બાદ કેનાલમાં પાણી છોડ્યા વિના અત્યારે જ પાણી છોડી કેનાલ ભરી દેવી જોઈએ તેવી પ્રબળ લોકલાગણી ઉદ્‌ભવી છે. માધવગઢની આ કેનાલમાં પર્યાપ્ત માત્રામાં પાણીનો જથ્થો પુરો પાડવામાં આવે તો, માધવગઢ, ગુલાબની મુવાડી, ઉમેદની મુવાડી, બદામકંપા, બિછેશ્વર કંપા, તલોદ, તલોદગામ, ધાધ વાસણા, ઝાલાની મુવાડી, સુલતાનપુર, પડુસણ તથા ખારી નદીના તટે વસેલા સલાટપુર તથા ઉજેડીયા સહિતના ડઝનબંધ ગામોને તેનો લાભ મળી શકે તેમ છે. જે ગામો આજે આ કેનાલનો પાણી પુરવઠો નહી મળતાં સિંચાઈ સહીતના પાણી પુરવઠા માટે વલખા મારી રહ્યા છે. જવાબદાર તંત્રના પેટનુ પાણી કેમ હાલતુ નથી ? તેવા સવાલ પંથકની પ્રજા કરી રહી છે. આ અંગે માધવગઢ પંથકના લાલાભાઈ દેસાઈ, જયદિપ પટેલ, સંજય પટેલ તથા પોપટલાલ પટેલ સહીતના ખેડૂતોએ આક્રોશની લાગણી વ્યક્ત કરી હતી.

# મેઘરજની સ્કૂલમાં પાંચ મહિનામાં તોફાની તત્વો દ્વારા પાંચમીવાર તોડફોડ

## મહાત્માના ચિત્ર ઉપર જ્ઞાનના મંદિરમાં અસામાજીક તત્વો દ્વારા લખેલ અપશબ્દો

ઈસરી, તા. ૨૯

મેઘરજ નગરમાં કરોડોના ખર્ચે ગ્રીન સ્કૂલ બનાવવામાં આવી છે. આ ગ્રીન સ્કૂલ શાળા નં. ૧માં વારંવાર તોફાની તત્વો દ્વારા સરકારી મીલક્તને નુકશાન પહોંચાડવામાં આવે છે. આ તોડફોડનો પાંચમીવાર બનાવ બનવા છતાં તંત્ર ચુપ છે. ગત તા. ૨૪ને મંગળવારની રાત્રી દરમિયાન કોઈ અજાણ્યા શખ્સો દ્વારા મેઘરજની શાળા નં. ૧માં તોડફોડ કરવામાં આવી છે. જેમાં શાળાના દરવાજાના તાળા તોડી પાણીના ટાંકાની પાઈપો તોડી નાખેલ છે. તેમજ કમ્પાઉન્ડમાં આવેલ રૂમોની બારી તોડી નાખેલ છે. તેમજ નીચે પડેલ ભંગાર(લોખંડ) ચોરી નુકશાન કરેલ છે અને રાષ્ટ્રપિતા ગાંધીજીના ફોટા ઉપર અપશબ્દો લખી મહાત્માના ચિત્રને કલરથી રંગી નાખેલ છે અને દિવાલ ઉપર અપશબ્દો લખેલ છે. જે બાબતે સ્કૂલના આચાર્ય મેઘરજ પોલીસને લેખીતમાં જાણ કરેલ છે. આ શાળામાં આવી ઘટના વારંવાર અસામાજીક તત્વો દ્વારા બને છે. તાકીદે અસામાજીક તત્વોને પકડવા શાળાના શિક્ષકો તેમજ વાલીઓની ઉગ્ર માંગણી છે.

# નવારેવાસમાં પોલીસ અને પત્રકારો વચ્ચે ક્રિકેટ મેચ યોજાઈ

હિંમતનગર, તા.૨૯

અત્યારે આઈપીએલની સીઝન ચાલુ છે ત્યારે ક્રિકેટ રસીયાઓને ક્રિકેટ જોવાની તેમજ રમવાની સીઝન પણ ચાલુ છે. ત્યારે સાબરકાંઠા જીલ્લાના ઈડર તાલુકાના નવારેવાસ ગામમાં આવેલ કડવા પાટીદાર સમાજની વાડીના મેદાનમાં રાત્રિ ટુર્નામેન્ટ ચાલી રહી છે. જેમાં શનિવારે સાંજે ઈડર પોલીસ સ્ટેશન તથા બડોલી ઓ.પી.ના સ્ટાફ અને ઈડર તાલુકાના પત્રકારો વચ્ચે ૧૨ ઓવરની મેચ રમાઈ હતી પોલીસ ઈલેવન સામે ૧૨ ઓવરમાં ૧૧૭ રન બનાવ્યા હતા, સામે પોલીસ ઈલેવનને પત્રકાર ઈલેવન દ્વારા ૧૨ ઓવરમાં ૧૦૭ રન બનાવ્યા હતા. આમ પત્રકાર ઈલેવનનો ૧૦ રનથી વિજય થયો હતો.

# હિંમતનગરમાં ગીરધરનગરનો યુવક સગીરાને ભગાડી જતા ગુનો દાખલ કરાયો

હિંમતનગર, તા.૨૯

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગરના ગીરધરનગરમાં આવેલા આવાસમાં રહેતો યુવક આ વિસ્તારની જ સગીરાને ગુરૂવારે બપોરના સુમારે લગ્ન કરવાના ઈરાદે લલચાવી-ફોસલાવી ભગાડી જતા ઘટના અંગે સગીરાના પિતાએ હિંમતનગરના બી-ડીવીઝનમાં શુક્રવારે યુવક વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી છે. પોલીસે સગીરાના અપહરણના મામલે ગીરધર નગરમાં રહેતા યુવક વિરૂધ્ધ પોસ્કો એકટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સગીરાના અપહરણની ઘટના અંગે પ્રાપ્ત વિગત અનુસાર ગીરધરનગરમાં આવેલા આવાસમાં રહેતો દિપકભાઈ હરેશભાઈ પરમાર નામનો યુવક આ વિસ્તારમાં જ રહેતી સગીરાને લગ્નના ઈરાદે લલચાવી-ફોસલાવી ગુરૂવારે બપોરના સુમારે ભગાડી ગયો હતો. જે ઘટના અંગે સગીરાના પિતાને જાણ થતાં તેમણે પોતાની દિકરી અને ભગાડી જનાર યુવકની શોધખોળ હાથ ધરી હતી. પરંતુ દિકરીની કોઈ ભાળ ન મળતા સગીરાના પિતાએ શુક્રવારે ગીરધરનગરના યુવક દિપક પરમાર વિરૂધ્ધ હિંમતનગર બી-ડીવીઝનમાં મામલો દર્જ કરાવ્યો હતો.હિંમતનગર બી-ડીવીઝન પોલીસે સગીરાના પિતાની ફરિયાદ આધારે અપહરણની ઘટનામાં ગીરધર નગરના યુવક વિરૂધ્ધ પોસ્કો એકટ હેઠળ ગુનો દર્જ કરી તપાસના ચક્રો શરૂ કર્યા છે.

# સલાટપુર ગામનું આર્યુવેદિક દવાખાનું જીર્ણોદ્ધાર માંગી રહ્યું છે

## આર્યુવેદિક સરકારી દવાખાનુ બેઠક માટેની સુવિધા, પંખા અને ડ્રેનેજ લાઈનની સુવિધા તત્કાળ માંગી રહ્યું છે

તલોદ, તા. ૨૯

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના સલાટપુર ગામને આર્યુવેદિક દવાખાનુ જીર્ણોદ્ધાર માંગી રહ્યું છે. ગુજરાત સરકાર સંચાલિત આ દવાખાનામાં અનેક સુવિધાઓનો અભાવ હોઈ હજારો દર્દીઓ અને તેમના સગાં ભારે આપદાનો ભોગ બન્યા છે. આર્યુ. દાક્તરી નિદાન અને સારવાર પ્રતિ લોકો વળ્યા હોઈ અને અહીંના વૈદ્ય ભારે ખ્યાતિ પ્રાપ્ત હોઈ અનેક જિલ્લાઓમાંથી જ નહી, અહીં રાજસ્થાન અને મુંબઈ પ્રાંતમાંથી પણ દર્દીઓ આવે છે. પરંતુ કોઈ યોગ્ય સગવડ નહી હોવાથી પરેશાન બનવા મજબૂર બને છે.

સલાટપુર ખાતેનું આ આર્યુવેદિક સરકારી દવાખાનુ બેઠક માટેની સુવિધા, પંખા અને ડ્રેનેજ લાઈનની સુવિધા તત્કાળ માંગી રહ્યું છે. દવાખાનાના બારી-બારણા પણ તુટેલા હોઈ અહીં નિદાન-સારવાર માટે આવતા દરદીઓ સરકારના અણગમતા વહિવટીતંત્રની ખરાબ છાપ માનસપટ ઉપર લઈને જાય છે. જે રાજ્યની છબી ખરડી રહી છે.

દવાખાનામાં પુરતા પ્રમાણમાં દવાઓનો જથ્થો પણ નહી પહોંચાડવામાં આવતો હોવાની રાવ ઉઠી છે. વૈદ્ય દેવેન્દ્ર પંડીતની સફળ સારવાર-નિદાનને કારણે અહીં બુધવારે ડઝનબંધ દરદીઓની કતારો જામે છે. તબીબની સુવિધા સપ્તાહમાં એકાદ વાર મળે છે પરંતુ ખુબ સારી સારવાર મળે છે તેમ દરદીઓ કબુલી રહ્યા છે. પરંતુ દવાખાનાના મકાનની હાલત અને દુર્દશા જોતા લાગે છે કે દવાખાનુ ખુદ ફેકચર થઈને બિમારીમાં ધકેલાઈ ગયુ છે.

સલાટપુરના આ સરકારી આર્યુ. દવાખાનાની યોગ્ય મરામત થાય અને સંપુર્ણ સુવિધાઓ ઉપલબ્ધ થાય તે માટે ગામના સરપંચ જશુ પટેલે જિલ્લા આર્યુ. અધિકારીને તથા જિ. પંચાયતના ડેલીગેટને પણ રજુઆત કરી છે. જેના પ્રતિભાવમાં હૈયાધારણ તો મળી છે પણ સફળતા મળી નથી.

આ દવાખાનાની હાલતમાં સુધારો નહીં કરવામાં આવે અને સુવિધાઓ ઉપલબ્ધ નહી કરવામાં આવે તો, ગ્રામજનો ઉગ્ર રજુઆતો કરવા અનશનનો આશરો લેશે તેમ સૂત્રોમાંથી જાણવા મળેલ છે.